કંપનીના માલિકની ધરપકડ કરી કુલ ૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી પોલીસ

ચિલોડા પોલીસે શિહોલી ગામેથી ૧૫૦૦ લિટર બાયો-ડિઝલનો જથ્થો ઝડપી પાડ્યો

ચિલોડા,તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી બાયો ડીઝલનો હજારો લીટર જથ્થો ઝડપી લઈ પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું કામ પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગઈકાલે ચીલોડા પોલીસે બાતમીના આધારે શિહોલી ગામથી મિની ટેક્કરમાંથી ૧૫૦૦ લીટર બાયો ડીઝલનો જથ્થો ઝડપી લઈ કિયા ટ્રાન્સ મોડેલ કંપનીના માલિકની ધરપકડ કરી રૂ. ૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ચીલોડા પોલીસ મથકના ઈન્સ્પેક્ટર તરલ ભટ્ટની સૂચનાથી સ્ટાફના માણસોએ પૂર્વ બાતમીના આધારે શિહોલી ગામે સર્વે નંબર ૫૭૨માં આવેલી કિયા ટ્રાન્સ મોડેલ પ્રાઈવેટ લિમિટેડ કંપની પર છાપો મારવામાં આવ્યો હતો અને મિની ટેક્કરમાં ભરેલો ગેરકાયદેસર બાયો ડીઝલનો જથ્થો જપ્ત કરી લેવાયો હતો.

આ અંગે ઈન્સ્પેક્ટર તરલ ભટ્ટે જણાવ્યું હતું કે, પર્યાવરણ ને નુકસાનકારક જ્વલનશીલ બાયો ડીઝલનો જથ્થો કિયા ટ્રાન્સ મોડેલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના રામભાઈ નાગજણભાઈ ઓડેદરા (રહે. બી /૩૦૩,સીમંત - ૨, બોડકદેવ અમદાવાદ) દ્વારા મિની ટેક્કરમાં રાખવામાં આવ્યો હતો. જેનો ઉપયોગ તે પોતાના ટ્રાન્સપોર્ટનાં વાહનોમાં કરતો હતો. તેમજ ઉક્ત જગ્યા ભાડે રાખીને પોતાનો ધંધો કરે છે. હાલમાં ૧૫૦૦ લીટર બાયો ડીઝલનો જથ્થો તેમજ મિની ટેક્કર મળી કુલ. ૪ લાખ જેટલો મુદ્દામાલ જપ્ત કરી તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

જિલ્લા પોલીસના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, હકીકતમાં પર્યાવરણને નુકશાન કરનાર ઈસમો સામે કાર્યવાહી કરવાની સીધી જવાબદારી પોલ્યુશન કંટ્રોલ બોર્ડની રહેતી હોય છે. પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા સક્રિય કાર્યવાહી કરવામાં નહી આવતા હવે બાયો ડીઝલના ગેરકાયદેસર જથ્થાને ઝડપી લેવા પોલીસને કામગીરી કરવી પડી રહી છે.

શિલ્પા શેટ્ટીનાં જપ્ત કરાયેલા ફોન-લેપટોપ ગાંધીનગર એફએસએલ ખાતે લવાયાં

ગાંધીનગર તા.૨૭

અશ્લીલ વિડિયો બનાવવાના કિસ્સામાં કેસમાં જાણીતા બિઝનેસમેન રાજ કુંદ્રાની ધરપકડ કરવામાં આવ્યાં બાદ હવે પોલીસ તેની પત્ની અને જાણીતી બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી પણ આ રેકેટમાં સંડોવાયેલી છે કે નહીં એ દિશામાં મુંબઈ ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે છાપો મારી શિલ્પા શેટ્ટીના ઘરેથી અમુક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ જેમાં મોબાઈલ, લેપટોપ, આઈપેડ જપ્ત કર્યાં છે જેને ગાંધીનગર એફએસએલ ખાતે મોકલી આપવામાં આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. એફએસએલ શિલ્પાના ફોન અને લેપટોપની તપાસ કરી બે દિવસમાં તેનો રિપોર્ટ તૈયાર કરશે જેમાં સનસનાટીપૂર્ણ વિગતો ખુલી શકે છે.

શિલ્પા શેટ્ટીના ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સને ગાંધીનગર એફએસએલ માટે લાવવામાં આવ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. ક્લોનિંગ માટે લવાયેલાં આઈપેડ, ફોન અને લેપટોપની તપાસ કરી રિપોર્ટ બે દિવસમાં તૈયાર કરાશે. લેપટોપના કેટલાક જરૂરી ડેટા તેમજ ફોન પરના ચેટિંગ વગેરેની તપાસ ઝીણવટપૂર્વક એફએસએલમાં કરવામાં આવનાર છે. આ તપાસમાં મોબાઈલ ચેટિંગ દરમિયાન રાજ કુન્દ્રા અને અશ્લીલ ફિલ્મોને લગતી તેમજ આ બિઝનેસ સાથે જોડાયેલી કેટલીક વાત સામે આવી શકે છે. ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ ક્રાઈમ બ્રાન્ચ માટે અનેક ભેદો ખોલી શકે છે. આ કેસમાં રાજ કુન્દ્રા અને તેની આજુબાજુ જોડાયેલી દરેક વ્યક્તિની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

કોરોનાનો કહેર ઓછો થતાં આખરે યોગના વર્ગો શરૂ કરાયા છે. ગુજરાત રાજય યોગ બોર્ડ અને એસીઈ એજયુકેશનના માધ્યમથી ટ્રેઈન ધ ટ્રેનર કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ થકી યોગના વધુ પ્રશિક્ષકો તૈયાર કરવામાં આવી રહ્યા છે.

સોખડાના પરમાધ્યક્ષ પૂ. હરિપ્રસાદ સ્વામીજી અક્ષરધામ નિવાસી થયા

૩૧ જુલાઇ સુધી નશ્વર દેહને અંતિમ દર્શન માટે મૂકાશે, ૧ ઓગસ્ટે અંતિમસંસ્કાર કરાશે

સોખડા,તા.૨૭

શહેર નજીકના હરિધામ સોખડાના પરમાધ્યક્ષ પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીનો સોમવારે રાતે દેહવિલય થતા વિશ્વભરના લાખો ભક્તોમાં શોકની કાલિમા વ્યાપી હતી. છેલ્લા કેટલાયે મહિનાઓથી સ્વામીજીની તબિયત બગડતા ડાયાલિસિસ ચાલું હતું. સોમવારે સાંજે બ્લડપ્રેસર અને પલ્સ ઘટવા સાથે હૃદય કામ કરતું બંધ થઈ જતા ભાઈલાલ અમીન હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધો હતો.

હાલ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ શોકમાં સરી પડ્યા છે. ૫ દિવસ અંતિમ સંસ્કાર માટે તેમનો નશ્વરદેહ રખાશે. ૧ ઓગસ્ટે તેમની અંતિમવિધિ કરવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ શોકની લાગણી વ્યક્ત કરી છે.

સંપ, સુહૃદભાવ અને એકતાના પાયા પર દેશ-વિદેશોમાં લાખો સત્સંગીઓને પંચવર્તમાનનું પાલન કરાવવા સાથે દાસના દાસનું સૂત્ર આપી અનોખા સમાજનું નિર્માણ કરનાર પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજી(૮૮)ની છેલ્લા કેટલાયે મહિનાઓથી તબિયત નાદુરસ્ત રહેવા સાથે ડાયાલિસિસનો દોર જારી હતો.

સ્વામીજીના ભક્તો ભારત સહિત અમેરિકા, બ્રિટન, ન્યુઝીલેન્ડ, દુબઈ, ઓસ્ટ્રેલિયા, જર્મની, કેનેડા સહિત અનેક દેશોમાં છે. ગત વર્ષે શહેર નજીકના પાંજરાપોળ મેદાન ખાતે યોજાયેલો આત્મીય મહોત્સવ છેલ્લો મહોત્સવ હોવાનો અણસાર પણ સ્વામીજીએ સત્સંગીઓને આપી દીધો હતો.

શહેરના માંજલપુર અવધૂત ફાટક પાસે બનાવેલા આત્મીયધામમાં પણ સત્સંગનો દોર વર્ષ દરમિયાન ચાલું રહે છે. સત્સંગીઓએ કહ્યું હતું કે સ્વામીજી ક્યારેય ગુસ્સે થતા ન હતા. સમાજમાં કંકાસનું મૂળ કારણ હઠ, માન અને ઈર્ષ્યા હોવાની શિખ પણ સત્સંગીઓને આપતા હતા. હરિધામ સોખડા ખાતે સ્વામીજીના નશ્વરદેહના ધાર્મિક-શાસ્ત્રોક્ત પરંપરા મુજબ અગ્નિ સંસ્કાર કરાશે.

ભાટ પાસે તસ્કરો અમૂલ આઈસ્ક્રીમ ટ્રાન્સપોર્ટ કરતી ટ્રક ચોરી કરી ફરાર

સ્માર્ટ ચોરોએ ટ્રકના જીપીઆરએસ સિસ્ટમના વાયરો કાપીને ચોરીને અંજામ આપ્યો

ગાંધીનગર,તા.૨૭

રાજયભરમાં ચોરીની ઘટનાઓમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. બેફામ બનેલા તસ્કરોને જાણે કે કાયદાનો ડર જ ન હોય તેમ ગુનાને અંજામ આપી રહ્યાં છે. ત્યારે ગાંધીનગરના ભાટ ગામના શ્રી ક્રિસ્ટલ ફ્લેટની સામેના રોડ પરથી તસ્કરો અમૂલ આઈસ્ક્રીમ ટ્રાન્સપોર્ટ કરતી રૂ. ૩૪.૫૦ લાખની કિંમતની આંખે આખી ટ્રક ચોરીને ફરાર થઈ જતાં પોલીસ ખાતામાં દોડધામ મચી છે. સ્થાનિક પોલીસ તેમજ લોકલ ક્રાઈમ બ્રાંચે તસ્કરોને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યાં છે.

ગાંધીનગરનાં સેકટર-૨૬ કિસાનનગરમાં રહેતા અજયસિંહ જગદીશસિંહ ચાવડા સાઈ લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટ કંપની ચલાવે છે. જેમની કુલ ૧૭ રેફ્રિજરેટર વાન (ટ્રક)માં અમૂલ આઈસ્ક્રીમનાં ટ્રાન્સપોર્ટનું વહન કરવામાં આવે છે. જે પૈકીની રૂ. ૩૪.૫૦ લાખની કિંમતની ટ્રક ભાટ ગામ રોડ પરથી ચોરાઈ ગયાની ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, અજયસિંહ ગત. તા. ૨૫મી જુલાઈના રોજ ઘરે હાજર હતા તે દરમિયાન ટેક્કરના ડ્રાઈવર ગુલાબસિંહએ ફોન કરીને જણાવ્યું હતું કે, રેફ્રિજરેટર ટ્રકની બેટરી ઉતરીના જાય તે માટે ટ્રક લઈને આટો મારવા માટે ભાટ તરફ નીકળ્યા હતા. તે વખતે રાત્રીના સાડા આઠ વાગ્યાની આસપાસ તેમણે ટ્રક ભાટ ગામના શ્રી ક્રિસ્ટલ ફ્લેટની સામે રોડ પર પાર્ક કરી હતી.

ટ્રક પાર્ક કરીને ગુલાબસિંહ ઘરે જમવા માટે ગયા હતા અને રાત્રીના અગિયાર વાગે ટ્રક લેવા પરત ફર્યા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા ઈસમો ટ્રક ચોરીને ફરાર થઈ ગયા હતા. આથી ટ્રકમાં લગાવેલા જીપીઆરએસ સિસ્ટમ થકી ટ્રકનું લોકેશન જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ જીપીઆરએસ સિસ્ટમથી વાકેફ ઈસમોએ ટ્રકની ચોરી કરતા પહેલા જીપીઆરએસ સિસ્ટમના વાયરો કાપી નાખ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

ગુલાબસિંહે ટ્રકને શોધવા આસપાસના વિસ્તારો તેમજ હાઈવે માર્ગો પર તપાસ કરી હતી, પરંતુ ટ્રકનું ક્યાંય પગેરૂ મળી આવ્યું ન હતું. આખરે અજયસિંહે ફરિયાદ આપતાં અડાલજ પોલીસ તેમજ લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

વલસાડમાં ભારે તથા અન્યમાં હળવા વરસાદની સંભાવના

હવામાન વિભાગની આગાહીને ધ્યાને લઈ SDRFની ૧૧ ટીમ એલર્ટ ઉપર : NDRFની ૮ ટીમો ડીપ્લોય

અમદાવાદ, તા.૨૭

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રાહત કમિશનર અને અધિક સચિવના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગ્રૂપની બેઠક આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજવામાં આવી હતી. રાહત કમિશનરએ જણાવ્યુ કે, આજે સવારે ૬.૦૦ થી બપોરના ૨.૦૦ સુધી રાજયમાં ૧૭- જિલ્લાના ૬૧-તાલુકાઓમાં વરસાદ નોધાયો છે. જેમાં સૌથી વધારે છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં ૧૯ મી.મી. વરસાદ પડ્યો છે. રાજયમાં અત્યાર સુધી તા.૨૭/૦૭/૨૦૨૧ અંતિત ૨૮૬.૮૧ મીમી વરસાદ થયેલ છે. જે પાછલા ત્રીસ વર્ષની રાજયની એવરેજ ૮૪૦ મી.મીની સરખામણીએ ૩૪.૧૪% છે. હવામાન ખાતાની આગાહી મુજબ આગામી દિવસોમાં વરસાદની સંભાવના છે તેવા તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટર તથા સમગ્ર વહીવટી તંત્રને એલર્ટ રહેવા સુચના આપવામાં આવી હતી. આઈએમડીના અધિકારીએ જણાવ્યુ છે કે, ગુજરાત રાજયમાં સારો વરસાદ થયેલ છે. આગામી દિવસોમાં રાજયમાં વલસાડ જિલ્લામાં ભારે અને અન્ય જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. કૃષિ વિભાગના અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, ચાલુ વર્ષે તા. તા.૨૬ જુલાઈ ૨૦૨૧ સુધીમાં અંદાજીત ૬૪.૮૫ લાખ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર થયુ છે. ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૬૪.૨૮ લાખ હેક્ટર વાવેતર થયેલ હતું. આ વર્ષે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વાવેતર વિસ્તારની સામે ૭૫.૮૦% વાવેતર થયેલ છે. સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, સરદાર સરોવર જળાશયમાં ૧૫૫૧૧૭ એમ.સી.એફ.ટી પાણીનો સંગ્રહ છે. જે કુલ સંગ્રહ શકિતના ૪૬.૪૩% છે.

રાજ્યમાં મંદિરોની દાનપેટીઓ ભક્તોના પ્રેમભાવથી છલકાઈ

અમદાવાદ,તા.૨૭

રાજ્યમાં કોરોનાની બીજી લહેર ઓછી થતાં જ લોકો ભગવાનના શરણે જઈ રહ્યા છે. આ ઘાતક બીજી લહેરમાં પોતે બચી ગયા હોવાનો આભાર માનતા લોકો પોતપોતાની શ્રદ્ધા મુજબ દાન ધર્મ કરી રહ્યા છે. ગુજરાતના પ્રમુખ યાત્રાધામોની દાન પેટીઓ શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવતાં દાનથી છલકાઈ ગઈ છે. રાજ્યમાં કોરોના કેસ ઓછાં થતાં લોકડાઉન અને કર્ફ્યુના નિયમોમાં ઢીલાશ આપવામાં આવી છે. જેના કારણે કોરોના મહામારીમાં જે મંદિરોમાં આવક ખૂબ જ ઓછી થઈ ગઈ હતી ત્યાં હવે ફરી એકવાર શ્રદ્ધાળુઓના ટોળા જોવા મળી રહ્યા છે.

સોમનાથ જ્યોતિર્લિંગ મંદિર હોય કે દ્વારકાધિશનું મંદિર તેમજ અંબાજીનું મંદિર હોય કે ડાકોરમાં આવેલું રણછોડરાયનું મંદિર દરેક જગ્યાએ દાન ધર્માદાની આવક ફરી એકવાર કોરોના આવ્યો તે પહેલાના સ્તરે પહોંચી ગઈ છે. આશ્ચર્યની વાત છે કે અંબાજી મંદિરમાં તો છેલ્લા બે મહિનામાં ભાવિકોના ધસારામાં એટલો વધારો થયો છે કે દાનની આવક કોરોના આવ્યો તે પહેલાના સ્તરને પણ પાર કરી ગઈ છે. શ્રી આરાસુરી અમ્બાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના એકાઉન્ટ ઓફિસર શિવજીભાઈ પ્રજાપતિએ કહ્યું કે, 'હાલના સમયમાં સરેરાશ સાપ્તાહિક દાનની આવક રુ. ૪૦ લાખ પહોંચી ગઈ છે જે કોરોના પહેલા રુ ૩૦ લાખ આસપાસ રહેતી હતી.' તેમણે વધુમાં ઉમેર્યું કે, 'માસિક સરેરાશ આવક પણ રુ. ૨ કરોડને આંબી રહી છે જે કોરોના પહેલા દોઢ કરોડ રુપિયા આસપાસ રહેતી હતી. આ દાનની આવકમાં ઓનલાઈન દાનની આવકનો પણ સમાવેશ છે. તો મંદિરમાં શ્રદ્ધાળુઓની સંખ્યા પણ કોરોના આવ્યો તે પહેલના સ્તરે પહોંચી ગઈ છે.

રાજ્યમાં મોસમનો ૩૦ ટકા વરસાદ, ૮-૧૦ ટકાની ઘટ

રાજ્યના વિવિધ ભાગોમાં ૩૦ જુલાઈ સુધી વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ થવાની હજુ પણ સંભાવના

ગાંધીનગર, તા.૨૭

બંગાળની ખાડીમાં સર્જાયેલા લો-પ્રેશર સિસ્ટમને કારણે રાજ્યના વિવિધ ભાગોમાં ચોમાસું જામ્યું છે. આંકડા પર નજર કરીએ તો અત્યાર સુધી રાજ્યમાં સીઝનનો ૩૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જો કે, હજી પણ ૮થી ૧૦ ટકા વરસાદની ઘટ છે. રિજિયન મુજબ કચ્છમાં ૫ ઈંચ સાથે ૩૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭.૯૫ ઈંચ સાથે ૨૮.૧૬ ટકા, મધ્ય ગુજરાતમાં ૯.૫૬ ટકા સાથે ૩૦.૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૮.૭૭ ટકા સાથે ૩૧.૮૯ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૨૦.૨૩ ઈંચ સાથે સીઝનનો ૩૨.૫૮ ટકા વરસાદ નોંધાયો છે. જણાવી દઈએ કે હવામાન વિભાગની આગાહીને પગલે રાજ્યમાં બે દિવસથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. રવિવારે સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પણ સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેને કારણે રાજ્યના કુલ ૫૬ રસ્તા વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયા છે.

છોટા ઉદેપુરમાં વરસી રહેલા ભારે વરસાદને કારણે ઓરસંગ નદીમાં વિપુલ માત્રામાં પાણીની આવક થઈ રહી છે. જેથી ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના તોથીદરા ગામે રેતી ખનન માટે વપરાતા મશીનનો ઓપરેટર નદીમાં ફસાઈ ગયો હોવાની ઘટના બની હતી.

જો કે, સ્થાનિક લોકોએ કોર્પોરેટરને બચાવી લીધો હતો પરંતુ હિટાચી મશીન નદીમાં ડૂબી ગયું હતું. મેઘરાજાએ રાજકોટ જિલ્લાને ઘમરોળી નાખતા બે દિવસમાં ૮.૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ ધોરાજીના મોટી મારડમાં ૯ અને લોધિકામાં ૮ ઈંચ વરસાદ ખાબકતા હજી પણ જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. એટલું જ નહીં, ધોધમાર વરસાદને કારણે શહેરની સિવિલ હોસ્પિટલમાં પણ વરસાદની પાણી ઘૂસ્યા હતા. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં દીવાલ ધરાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી છે.

બંગાળના અખાતમાં સર્જાયેલા લો પ્રેશર તથા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યમાં વરસાદી માહોલ સર્જાયો છે. હવામાન વિભાગે સમગ્ર રાજ્યમાં આગામી ૩ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યના વિવિધ ભાગોમાં ૩૦ જુલાઈ સુધી વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ થવાની સંભાવના છે.

લિફ્ટની યોગ્ય જાળવણીનો અભાવ લોકો માટે જોખમી

લિફ્ટમાં હલકી ગુણવત્તાવાળા સાધનો અને ખામીયુક્ત ઈન્સ્ટોલેશનથી મોટી હોનારતની શક્યતા ખુબ જ વધુ

અમદાવાદ, તા.૨૭

લોકડાઉનને કારણે મોટાભાગની રેસિડેન્શિયલ અને કમર્શિયલ બહુમાળી ઈમારતોમાં લિફ્ટના મેઈન્ટેનન્સ અને સર્વિસની કામગીરી પર અસર થઈ છે. ફેબ્રિકેશનના નિષ્ણાતો દ્વારા હલકી ગુણવત્તાવાળા સાધનો, લોડ કેપિસિટીની બિનવૈજ્ઞાનિક ગણતરી અને ખામીયુક્ત ઈન્સ્ટોલેશનથી મોટી હોનારત થવાની શક્યતાઓ રહે છે, એમ ઈઈએસટીના સ્થાપક સભ્ય અને ટીએકે કન્સલ્ટિંગના ટીએકે મેથ્યુઝના જણાવ્યું હતું. એલિવેટર્સ એન્ડ એસ્કેલેટર્સ સેફ્ટી ટ્રસ્ટ (ઈઈએસટી એ ૨૦૦૮માં સ્થપાયેલી એક બિનનફાકારક ઔદ્યોગિક સંસ્થા છે.)ના એક અંદાજ અનુસાર દેશમાં ૧૭૦ મિલિયન લોકો દ્વારા દરરોજ આશરે ૧૦૦ કરોડ વખત એલિવેટર્સ અને એસ્કેલેટર્સનો ઉપયોગ કરવામાં આવે છે. ટીએકે મેથ્યુસે વધુમાં જણાવ્યું હતું કે એલિવેટર્સ અને એસ્કેલેટર્સના અકસ્માતોનો વાર્ષિક આંક બે આંકડામાં અને ઈજાગ્રસ્તોનો આંકડો હજારોમાં નોંધાય છે. હલકી ગુણવત્તા ધરાવતા સાધનો અને કોમન સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ અને કોડ ફોર એલિવેટર્સનું પાલન નહીં કરવા ઉપરાંત અપૂરતા મેઈન્ટેનન્સને કારણે આ લિફ્ટ્સની સવારી માણસો અને ઉપકરણો બંને માટે જોખમી છે.

રાજ કુંદ્રા પર અમદાવાદના વેપારીની ઠગાઈનો આરોપ

અશ્લીલ વીડિયો બનાવવાના આરોપસર શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રાની ધરપકડ કરવામાં આવી છે. રાજ કુન્દ્રાની સમસ્યાઓ એક પછી એક વધી રહી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ધરપકડ પછી હવે અમદાવાદના એક વેપારીએ રાજ કુન્દ્રાની કંપની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ક્રાઈમ બ્રાન્ચ અને સાઈબર સેલને કરવામાં આવેલી આ ફરિયાદમાં વેપારીએ રાજ કુન્દ્રાની કંપની પર ૩ લાખની છેતરપિંડીનો આરોપ મુક્યો છે. એક અધિકારીએ જણાવ્યું કે, ગુજરાતના વેપારીએ પોતાની ફરિયાદમાં કહ્યું કે રાજ કુન્દ્રાની કંપનીએ તેમને ઓનલાઈન ક્રિકેટ ગેમના ડિસ્ટ્રિબ્યુટર બનાવવાનું વચન આપ્યુ હતું. આ માટે તેમની પાસેથી ૩ લાખ રુપિયા લેવામાં આવ્યા હતા. પોલીસ આ ફરિયાદના આધારે તપાસ કરી રહી છે અને તેના આધારે રાજ કુન્દ્રા વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ કરશે.

ધોળાવીરા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુસાર, સતત ૧૨૦૦ વર્ષ સુધી ધોળાવીરામાં માનવ વસવાટ હતો. તેમાં ભૂતકાળની અનેક બાબતો સંગ્રહાયેલી પડી છે. બાંધકામ ટેક્નોલોજીથી માંડીને જળ સ્થાપન અને વજન તેમજ વેપાર જેવી દરેક બાબતો તે સમયને સમજવા જરુરી છે, જે ધોળાવીરામાં સચવાયેલી છે. આ ઉપરાંત અમદાવાદ પહેલાથી જ વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં સ્થાન ધરાવે છે. ત્યારે ગુજરાત માટે વધારે એક ગૌરવની બાબત છે. અત્રે નોંધનીય છે કે, ધોળાવીરા સૌથી પ્રાચીન સંસ્કૃતિઓ પૈકીની એક માનવામાં આવે છે. જેનાં અવશેષો આ સાઈટ પર છે. આ સંસ્કૃતિ તે સમયની સૌથી ઉન્નત એન્જિનિયરિંગ અને પોતાનાં વિઝન માટે દેશ વિદેશમાં જાણીતી છે. આ ગુજરાતનાં કચ્છ જિલ્લામાં આવેલી સાઈટ છે. ૧૯૯૦માં ખોદકામ દરમિયાન આ અવશેષો મળી આવ્યા હતા. આ ઉપરાંત આ સમગ્ર સાઈટ ૨૫૦ હેક્ટર કરતા પણ વધારે વિસ્તારમાં ફેલાયેલી છે.

સંસદ ઠપ્પ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સરકારની ૮ યોજનાઓ વિશે જાણકારી આપો. આ સાથે જ ૭૫ વર્ષથી જે થઈ રહ્યો છે તેને લઈને આગામી ૨૫ વર્ષ માટે લોકોની વચ્ચે જાગૃતતા ફેલાવો.'' કેન્દ્રીય મંત્રી અર્જુનરામ મેઘવાલ અનુસાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ''આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર ૨-૨ના જૂથમાં ૭૫ ગામોમાં જાઓ અને ત્યાં ૭૫ કલાક રોકાઓ. લોકોની વચ્ચે ગામમાં દેશની ઉપલબ્ધીઓ અને દેશની આઝાદી સહિત તમામ ચીજો વિશે જણાવો.''

પીએમ મોદીએ કહ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાનો કાર્યક્રમ સરકારી બનીને ના રહી જાય. આ કાર્યક્રમમાં દેશના જન-જનની ભાગેદારી હોય. આ સાથે પીએમ મોદીએ બીજેપી સાંસદોને કહ્યું છે કે, તેઓ લોકોની વચ્ચે વિપક્ષને એક્સપોઝ કરે. ખાસ કરીને કોંગ્રેસને. તેમણે કહ્યું કે, તમે લોકોને જણાવો કે કેવી રીતે કોંગ્રેસ પાર્ટી બેઠકમાં સામેલ થાય છે અને તેનો બહિષ્કાર કરે છે અને સંસદ પણ ચાલવા દેતી નથી.

આ સાથે જ પીએમ મોદીએ ભાજપના સાંસદોને કહ્યું કે તેઓ લોકો વચ્ચે વિપક્ષને એક્સપોઝ કરે. ખાસ કરીને કોંગ્રેસને. તેમણે કહ્યું કે તમે લોકોને જણાવો કે કોંગ્રેસ પાર્ટી બેઠકમાં સામેલ થતી નથી અને તેનો બહિષ્કાર કરે છે. આ સાથે જ સંસદ પણ ચાલવા દેતી નથી.

ઉલ્લેખનીય છે કે સંસદના ચોમાસુ સત્ર દરમિયાન સંસદમાં વિપક્ષનો હોબાળો ચાલું છે અને કાર્યવાહી દરરોજ સ્થગિત થઈ રહી છે.

સંસદમાં પેગાસસ જાસુસી મુદ્દે, કૃષિ કાયદો અને અન્ય મોંઘવારી જેવા મુદ્દાઓને લઈને સતત હોબાળો ચાલી રહ્યો છે. ૧૮ જુલાઈએ પેગાસસ વિવાદ સામે આવતા સંસદમાં કાર્યવાહી થતી નથી. વિપક્ષી સાંસદ બંને ગૃહોમાં નારેબાજી કરી રહ્યા છે. ગયા સપ્તાહે તો તૃણમૂલ સાંસદે આઈટી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવના હાથમાંથી ડોક્યુમેન્ટ છીનવીને ફાડીને ફેંકી દીધા હતા.

સોમવારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ટ્રેક્ટર ચલાવીને સંસદ પહોંચ્યા હતા. તેમણે કૃષિ કાયદાનો વિરોધ કર્યો હતો. અકાળી દળ સહિત ઘણી વિપક્ષી પાર્ટીઓએ ખેડૂતોના મુદ્દે સંસદમાં ચર્ચા કરવાની માંગણી કરી હતી. બીજી બાજુ પેગાસસ મુદ્દાને લઈને સંસદના બંને ગૃહોમાં આજે પણ હોબાળો થઈ રહ્યો છે.

સ્માર્ટ વોચ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખર્ચે મનપાના તંત્ર દ્વારા આ સ્માર્ટ વૉચની ખરીદી પણ કરવામાં આવી હતી. જો કે શરૂઆતમાં થોડા દિવસ તેનો ઉપયોગ થયો હતો પરંતુ આ પછી તે વાત વિસરાઈ જવા પામી હતી.

નિયત થયેલા સમય મુજબ સવારે ૭.૩૦ કલાકે દરેક વિસ્તારમાં સફાઈ કામગીરી શરૂ થઈ જાય તેની કાળજી રાખવા માટે પણ કડક સૂચનાઓ આપવામાં આવી છે. મોડા આવતા સફાઈ કામદાર માટે પણ નોંધ રાખવાની રહેશે એટલુ જ નહિ તેમના ખુલાસા પણ માંગવામાં આવશે. સત્તાવાર ચોપડે બતાવેલા કામદારો ફરજ પર છે કે નહિ તેની પણ ખરાઈ કરવામાં આવશે.

મનપામાં નવા નિમાયેલા ડે. મ્યુનિ. કમિશનર સુશ્રી પૂજાબેન ચાવડાએ આજે સફાઈની કામગીરીને લઈ સમીક્ષા કરી હતી એટલુ જ નહિ હવે સફાઈના મદ્દે કોઈપણ પ્રકારની લાલિયાવાડી ચાલશે નહિ તેવી સ્પષ્ટ વાત બેઠકમાં કરી હતી.

પોરા મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્ર દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી અને એન્ટી લારવેલ પણ કરવામાં આવ્યુ હતુ. તંત્રની ટીમોએ મચ્છરોની ઉત્પતિ કેવી રીતે અટકાવી શકાય તેમજ મેલેરિયાથી કેવી રીતે બચી શકાય તેને લઈ પણ જનજાગૃતિ માટે શેરી ગોષ્ઠી યોજી હતી.

જિલ્લામાં સર્વેલન્સની આ કામગીરી માટે ૧૨૦૦ થી વધુ કર્મચારીઓ જોડાયા હતા. આ કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ.

ગટર લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ મોટા ડાયામીટરની લાઈન નાંખવાનુ કામ હાથ ધરાશે. પરંતુ સેકટરોમાં ગટર લાઈનનુ કામ હાથ શરૂ કરતા પુર્વે સમગ્ર શહેરમાં સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે ક્યાંથી અને કેવી રીતે કામ શરૂ કરવુ તેમજ અન્ય લાઈન પસાર થતી હોવાની સાથે ગટર સેવા કાર્યરત રાખીને સેકટરોની ટોપોગ્રાફી મુજબ કામગીરી હાથ ધરવા માટે એક રીપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેના અંતે સેકટરોમાં તબક્કાવાર નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરાશે. નવી ગટર લાઈન નાંખવાની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. ત્યારે આ પુર્વે રીપોર્ટ તૈયાર કરીને પ્લાનીંગથી કામ કરવામાં આવશે.